**અમદાવાદના ૩૬ માં એડીશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ (કોર્ટ નં.૪) ની કોર્ટમાં, અમદાવાદ.**
**CC**–124516–2024

**ફરીયાદી :** **સરકારશ્રી**
**વિરૂધ્ધ**
આરોપી – **RAJJABALI MAHEBUBBHAI RANGREJ**

:– જજમેન્ટ:–:

ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે:– આરોપીએ બનાવની તારીખે અને સ્થળે પોતાના હવાલાવાળુ વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી **ઈ.પી.કો.ક. 279 તથા એમ.વી.એકટ કલમ 184 વિ.**મુજબનો ગુનો કરેલ હોઈ આ અદાલતમા ચાર્જશીટ રજુ થયેલ છે. આરોપીએ કબુલાત પુરસીસમા ગુનો કબુલ રાખેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાતી કરી આ તેમનો પ્રથમ ગુનો હોય અને ગરીબ માણસો હોઈ આર્થિક પરિસ્થિતિ અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ન્યાયમુર્તિ શ્રી જે.એન. ભટ્ટ સાહેબનો ચુકાદો **State Of Gujarat Versus Natwar Harchandji Thakor** 2005 (1) **GLR** 709 : 2005 (1) **GCD** 749 લક્ષમા રાખી ઓછામા ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે. જેથી નીચે મુજબ હુકમ કરુ છુ.

:: આખરી હુકમ :

આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૨ અન્વયે **ઈ.પી.કો.ક. 279 માં રૂ. 500/–, તથા એમ.વી.એકટ કલમ 184 માં 1000/–**મુજબના ગુનાના ભંગ બદલ સંયુકત રીતે કુલ **રૂ.1500/– ( રૂપીયા એક હજાર પાંસો પુરા)**દંડ તથા આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ (પાચ)ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. મુદ્દામાલ રોકડ અપીલ સમય બાદ સરકાર દાખલ કરવી.

અપીલ સમય પુરો થયે મુદ્ધામાલની માલીકીની ખરાઈ કરી તેના માલીકને પરત કરવો / મુદ્ધામાલની નાશ કરવો / મુદ્ધામાલ બાબતે ઈન્કવાયરી કરવી / મુદ્ધામાલ સંબંધે અગાઉ થયેલ હુકમ કાયમ કરવામાં આવે છે / મુદ્ધામાલ સરકાર ખા–લસા કરવો.

સ્થળ.અમદાવાદ **(હીના જીતેન્દ્રભાઈ બ્રહમભટ્ટ)**
તા. ૩૬માં એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ(કોર્ટ નં. ૪)
જીજે–૦૧૧૭૨

ઠરાવ બાદ આરોપી ખુબ ગરીબ હોઈ તે ટીઆરસી માટે તૈયાર છે. પણ દંડ ભરવા મુદત માંગેલ છે. તેથી દંડ ભરવા મુદત: ૧૪/૦૯/૨૦૨૪ સુધી સમય આપેલ છે. તે દીવસે દંડ જમા લેવો. તથા કેસ નો નીકાલ કરવો. દંડ કલમ ૨૦૬ સીઆરપીસી મુજબ એડવોકેટ કે ઈષ્ટ મીત્ર ધ્વારા લઈ શકાશે

:વધુ હુકમ:

**આજ સ્પેશીયલ સીટીંગ માં દંડની રકમ ચુકતે થયેલ હોઈ આ કેસ નો નીકાલ ગણવો.**
આજરોજ લોક અદાલત માં વાંચી સંભળાવી ને જાહેર કર્યો.

તા: ૧૪/૦૯/૨૦૨૪ **(હીના જીતેન્દ્રભાઈ બ્રહમભટ્ટ)**
અમદાવાદ ૩૬માં એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ કોર્ટ ૪ અમદાવાદ
સ્પે સીટીંગ મેજીસ્ટ્રેટ, જીજે–૦૧૧૭૨